આપણામાં પ્રભુની હાજરીનું પ્રથમ ચિહ્ન છે 'માનસિક શાંતિ'
- ગાંધીજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૯૪ | ૧૩ જૂન ૨૦૧૨, બુધવાર, જયેષ્ઠ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# જિલ્લા વહીવટી તંત્રમાં ૩૦ અધિકારીઓની જગ્યા ખાલી

## પાંચ નાયબ કલેક્ટર, છ મામલતદાર, ૧૯ નાયબ મામલતદાર અને ૨૦થી વધુ કારકૂનની જગ્યા ખાલી છે

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લા વહીવટીતંત્રમાં અધિકારીઓની અને કર્મચારીઓની ઘટને કારણે વિકાસના કામો તેમજ રોજબરોજના કામકાજો પર વિપરીત અસરો પડી રહી છે.

જિલ્લા તંત્રમાં હાલ પાંચ ડે. કલેકટર, અર્ધા ડઝનથી વધુ મામલતદારો તેમજ ૧૯ ના. મામલતદાર અને ૨૦ થી વધુ કારકુનોની જગ્યાઓ ખાલી પડી છે. આ જગ્યાઓ ન ભરાતાં તેમજ જિલ્લાના વિસ્તરણ પછી કચેરીના કાર્યભારણની સમીક્ષા પણ ન થઈ હોવાથી અને એક જ તાલુકાનો જિલ્લો હતો ત્યારનું જ મંજૂર થયેલ મહેકમ હોવાથી કામકાજ પર વિપરીત અસરો પડી રહી છે.

ગાંધીનગર એ રાજયનું પાટનગર હોવા છતાં અહિ પ્રોટોકોલ માટે ડે. કલેક્ટરની ખાસ જગ્યા ઉભી કરવાની વાત સરકારમાં રજુ કરવા છતાં હજુ મંજૂર નથી થઈ એટલે અધિકારીઓ પ્રોટોકોલમાં વધુ વ્યસ્ત જોવા મળી રહ્યા છે.

હાલ ગાંધીનગર જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજના, ઈવીક્શન, ના.પુ. અધિકારી, સ્ટેમ્પડ્યુટી તેમજ ખાસ જમીન સંપાદન અધિકારીની જગ્યાઓ ખાલી છે. આ ઉપરાંત અર્ધો ડઝન મામલતદાર સંવર્ગની જગ્યાઓ પણ ખાલી છે જેમાં દહેગામ અને માણસામાં કૃષિપંચ મામલતદાર, ઉપરાંત મનોરંજન, નાની બચતના મામલતદાર સંવર્ગના અધિકારીઓની જગ્યા પણ ખાલી છે. કલેકટર કચેરીમાં ચિટનીસની જગ્યા પર અજમાયશી મામલતદાર ચાર્જમાં છે.

૧૯ જેટલા નાયબ મામલતદાર સંવર્ગની જગ્યાઓ ખાલી પડેલી છે તો ૨૦ જેટલા કારકુનોની જગ્યાઓ ખાલી છે. મહેસુલ તલાટી સંવર્ગની પણ ૨૦ થી વધુ જગ્યાઓ ખાલી થઈ છે. તલાટી સંવર્ગમાં ૪૭ને નિમણુંક અપાઈ હતી પરંતુ હાલ ૩૨ જેટલા તલાટી જ ફરજ પર છે બાકીના અન્ય નોકરી મળતાં રાજીનામુ આપી જતા રહ્યા છે.

આ જગ્યાઓ ખાલી રહેતાં જિલ્લામાં મહેસુલી તંત્રનું રોજબરોજનું કામ ચાર્જમાં ચાલે છે અને તેની વિપરીત અસરો અન્ય કામો પર પણ પડી રહી છે. સૌથી મહત્વની

# જિલ્લામાં ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ૧૯મી સુધીમાં તમામને પ્રવેશ મળી જશે

### ડીઈઓએ પરિપત્ર બહાર પાડયો : એક વર્ગમાં ૬૦થી વધુ વિદ્યાર્થી નહીં બેસી શકે : ૫૧ શાળાઓમાં મેરીટના આધારે પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૧૨

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં શહેરની ૧૭ સહિત જિલ્લાની ૫૧ શાળાઓમાં મેરીટના આધારે પ્રવેશ કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે. આ મામલે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જયારે પ્રવેશ અંગેની પ્રથમ યાદી ૧૩ જૂન, દ્વીતીય યાદી ૧૬ જૂન તેમજ જરૂર પડે તો આગામી તા. ૧૮ જૂનના રોજ ત્રીજી પ્રવેશ યાદી પણ જાહેર કરાશે.

ધો-૧૦નું પરિણામ જાહેર થયા બાદ હાલ જિલ્લાની શાળાઓમાં ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તા. ૮ જૂનથી જિલ્લાની ૫૧ શાળાઓમાં પ્રવેશ સંબંધિત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં એક પણ પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થી બાકી ન રહે તેવા

● અનુસંધાન પાન-૭ પર



આમ તો શાળાઓમાં નવા સત્રની શરૂઆત થઈ ગઈ છે અને કૉલેજીસ માટે પણ ઍડમિશન વગેરેની પ્રક્રિયા ચાલી રહી છે, પરંતુ આ તસવીર પ્રવેશ પ્રક્રિયાની નથી. ચાલુ વર્ષે જાહેર કરાયેલાં ધોરણ-૧૨નાં પરિણામો પછી રિચેકીંગના ફૉર્મ સ્વીકારવાની પ્રક્રિયા બૉર્ડની કચેરી દ્વારા ચાલુ કરવામાં આવી છે. આ તસવીર એ કાર્યવાહીની છે. (તસવીર : દિપક જાની)

મેન્યુફેક્ચરનું સેલ
ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમ વખત
લેડીઝવેર અને નાના બાળકોના કાર્ટૂન ટીશર્ટમાં
તદ્દન નવું કલેક્શન
XL-XXL-XXXL
લેડીઝ કુર્તીઝ, ટીશર્ટ, ઝભ્ભા, વેસ્ટર્ન ટોપ, ફ્રોક ટાઈપ ટોપ, લેગીન્સ, જેગીન્સ, હેરમ, કેપરી, ધોતી, શોર્ટી, ઈનર કોટી બધુ જ એક જ સ્ટોલ ઉપર
૫૦-૧૦૦-૧૫૦-૨૦૦ માં જ
લેગીન્સમાં ૨૦૦ કલર રેન્જ સાથે
ગુજરાત ઉત્સવ સ્ટોલ નં. 1
સેક્ટર-૬/એનું ગ્રાઉન્ડ, અપના બજારની બાજુમાં, ગાંધીનગર.
સમય : સવારે ૧૧-૦૦ થી રાત્રે ૧૦-૩૦

ફ્રી કોચીંગ
IAS, IPS, GPSC

લાજવાબ ઓરિએન્ટલ કે યાદગાર ગુજરાતી ફૂડ, ફક્ત એક જ જગ્યાએ
AGORA MALL™
High-end destination
@
200 Ft. Ring Road, Between Tapovan & Bhat Circle
Call: 93332 64264, 99741 39563, 82278 88221 | www.sbam.in




